# ચૈતન્યશિલ્પીની ગરિમા

## ૨

ગુણાતીત જ્યોત
વલ્લભ વિદ્યાનગર – ૩૮૮૧૨૦





## ૭૩. પૂ. મીનાબેન ગાંધી

| | | |
|---|---|---|
| માતાનું નામ | : | પૂ. વસુમતીબેન |
| પિતાનું નામ | : | પૂ. મહેન્દ્રરાય |
| ભાઈ | : | પૂ. કિશોરભાઈ, પૂ. અશ્વિનભાઈ, પૂ. સુરેશભાઈ |
| બહેન | : | પૂ. શોભનાબેન |
| મૂળ ધર્મ | : | જૈન |
| જ્ઞાતિ | : | જૈન વાણિયા |
| અભ્યાસ | : | S.S.C. |
| ભગવાનની અનુભૂતિ | : | ૨૩-૦૫-૧૯૭૦ |
| વ્રતધારણ દિન | : | ૦૧-૦૬-૧૯૭૦ |
| કેન્દ્ર નંબર | : | ૬૫ |

**સાધનાનું બ્રહ્મસૂત્ર : પ્રભુ આમાં રાજી થશે ? એમને ગમશે ? એમની ભક્તિ છે ?**

પૂ.મીનાબેનના કુટુંબમાં જાહોજલાલી ખૂબ હતી. પાંચ પાંચ કાપડની દુકાન મૂળજી જેઠા માર્કેટમાં ચાલતી હતી. ઘરે ગાડી, રસોઈ કરનાર મહારાજ ને નોકર ચાકર હતા. મીનબેનના જન્મ પહેલાં જ ઘરના સહુ મુક્તો સ્વામિનારાયણ ધર્મમાં માનતા હતા તેથી જ જોગી મહારાજે મહેન્દ્રભાઈને કહ્યું કે, ‘તારદેવ સોનાબાને કહેજો કે દીકરીનું નામ પાડે’ ને પ.પૂ. સોનાબાએ ‘મીના’ નામ પાડ્યું.

મીનાબેન પાંચ થી આઠ વર્ષ મોસાળ ભાવનગરમાં રહ્યાં. ધો.૧ અને ૨ ભાવનગર હલુરિયા ચોકની શાળામાં ભણ્યાં. ત્યારપછી ધો.૩ થી S.S.C. સુધી શેઠ આનંદીલાલ પોદાર હાઈસ્કૂલ સાંતાક્રુઝમાં ભણ્યાં. મીના ભણવામાં અને રમત ગમતમાં હોંશિયાર, નીડર ને સ્વમાની, કોઈની પડેલી જ નહીં. જગતની કોઇ વ્યક્તિ કે શક્તિ લોભાવી શકે નહીં. નાની ઉંમરથી જ તારદેવ જતાં ને પૂ. તારાબેનનો જીવનમાં ગુરૂ તરીકે સ્વીકાર કર્યો. ૧૯૬૩ની સાલમાં એટલે કે ૯ વર્ષની ઉંમરે ગણેશપુરી શિબિરમાં પ.પૂ. પપ્પાજી પાસે 'શિર ઝૂક્યું શિર ઝૂક્યું' એ ભજન ગાયું ને પપ્પાજીએ ધબ્બા પ્રસાદી આપીને ખોળામાં બેસાડી આશીર્વાદ આપ્યા કે, 'આ શિર હવે ભગવાનનું. હવે ક્યારેય આ શિર બીજે ક્યાંય નમશે નહીં. ને હવે આ શિર ક્યાંય ઉંચુ કરવાનું નહીં.'

૧૯૬૫મા વરસોવા અને લોનાવાલાની શિબિરમાં પણ ભાગ લીધો. ૧૯૬૬માં બહેનો વિદ્યાનગર ગુણાતીત જ્યોતમાં રહેવા આવ્યાં ને ૫૧ બહેનોને કાષાંબરી દીક્ષા આપી, તેના દર્શનનો લ્હાવો પણ લીધો.

૧૯૬૭ના દિવાળી વેકેશન પૂરૂં થતાં મીના, પન્ના, ઝરણા બધાં વિદ્યાનગરથી મુંબઈ જતાં હતાં. સવારે ગુજરાત એક્સપ્રેસમાં જવાનું હતું. બધાં બહેનો પપ્પાજીને પાયલાગણ કરવાં પ્રભુકૃપામાં ગયાં. ત્યારે મીનાએ પપ્પાજીને કહ્યું કે, 'પપ્પાજી અમને આણંદ સ્ટેશન મૂકવા આવો ને !' પપ્પાજી કહે, 'હા ચાલો.' કહી તૈયાર થઈ ગયા. બસમાં બધા ગોઠવાતાં હતાં પપ્પાજીએ તક ઝડપી લઈ કહ્યું કે, 'મીના ! આપણે મે વેકેશનમાં અહીં જ્યોતમાં જ આવવાનું છે. સિમલા, નૈનિતાલ ફરવા નથી જવાનું. તું પ્રોમિસ આપ પછી જ બસમાં બેસીએ.' પપ્પાજીએ મીનાને વિચારવાનો પણ અવકાશ ન આપ્યો. પપ્પાજીના અંતર્યામીપણાને વંદી રહી. કારણ કે દિવાળીના વેકેશનમાં મીનાની બધી જ બહેનપણીઓ સિમલા, નૈનિતાલ ફરવા ગઈ હતી. મીનાએ પણ વસુબેનને કહ્યું, 'મારે પણ ફરવા જવું છે.' વસુબેને કહ્યું કે, 'તારાબેનને પૂછીને મે વેકેશનમાં ગોઠવીશું.' અને મીનાએ પપ્પાજીને પ્રોમિસ આપી દીધું. આ જ પપ્પાજીની સર્વોપરિતા અને મીનાની સરળતા.

નાનપણથી પિતાજીને ડ્રાઈવીંગ કરતાં જોઈ તેમણે મનોમન નક્કી જ કરી

લીધું હતું કે હું ડ્રાઈવીંગ શીખીશ. ને ૧૯૬૯માં મીનાબેને નક્કી કર્યું કે હું ડ્રાઈવીંગ શીખી જાઉં. આથી તેમણે ઘરમાં પૂછ્યું નહતું ને જ્યોતમાં પણ જણાવ્યું નહીં કદાચ કોઈમાંથી ના આવે તો આજ્ઞાનું ઉલ્લંઘન ના કરાય એટલે પૂછવું નથી ને જાતે જ જઈને નક્કી કરી આવ્યા. નક્કી કરીને ઘરે આવ્યા. દર પંદર દિવસે યુવતી મંડળ, મહિલા મંડળ પર પત્ર આવતો. તે આવી ગયો હતો તે આટલા દિવસમાં આજે ફરી ત્રીજો પત્ર આવે એવી કલ્પના જ નહીં ને વસુબાએ તેમને તારાબેનનો કાગળ આપ્યો ને કહ્યું, 'મીના તારો કાગળ આવ્યો છે.' તે વાંચતાં એમાં લખ્યું હતું કે, મીના ! આપણી જે આવડત છે તેનો જ બાપા ઉપયોગ કરે છે. જે નથી આવડતું એ શીખવા નથી જવાનું. પણ બીજી વ્યક્તિ સાથે આપણી જાતને સરખાવીએ તો મૂંઝાઈ જવાય. પણ તું તો ત્યાં છું તો પણ મને ખાત્રી જ છે કે... બાપાની થઈને જ જીવે છે. એવી ખાત્રી હોય તો જ ત્યાં રાખી શકાય. આપણે ઓછો થા થા થાબડનો સત્સંગ કરી છીએ કે જેથી થોડી ઘણીય પોલ ચાલી શકે ? માટે નિશ્ચિંત રહેવું ને જેવું થાય તેવું બાપાનું ભજન કર્યા કરવું.' ને દિવસોથી ચણેલો મહેલ ભસ્મીભૂત થઈ ગયો ને અંતરમાંથી એ વાત સદાને માટે ભૂલાઈ ગઈ. શોખ પણ જતો રહ્યો તે સ્વપ્નમાં પણ એ વાતનો વિચાર નથી આવ્યો.

૧૯૭૦ના માર્ચ મહિનામાં S.S.C. ની પરીક્ષા પૂરી થઈ વેકેશન પડ્યું અને તારાબેન પપ્પાજીનો પત્ર આવ્યો કે, 'હવે કાયમ માટે વિદ્યાનગર જ્યોતમાં આવવાનું છે ને તારાબેન લેવા આવે છે.' પાંચમી મે ૧૯૭૦ના રોજ કાયમ માટે જ્યોતમાં આવ્યાં ને સમજણેયુક્ત સાધના શરૂ કરી. ૧૯૭૦માં ગુરૂહરિ પપ્પાજીએ જીવમાં દ્રષ્ટારૂપે સ્થાન લીધું ને જન્મોજનમના સુખી કર્યા. ૧લી જૂન ૧૯૭૦ ના રોજ કાષાંબરી દીક્ષા આપી. ૧૯૭૦ના સપ્ટેમ્બર માસમાં પપ્પાજીએ ઉપરના હોલમાં ભણનારી બહેનો રહેતાં હતાં ત્યાં દયાબેનના પી.એ. તરીકે રહેવા જવાનું ગોઠવ્યું. દયાબેન પાસેથી સ્પષ્ટતા, ચોકસાઈ, ચીવટાઈનો ગુણ શીખ્યાં. ૧૯૭૫ સુધી આ સેવા કરી.

૧૯૭૬ થી ૧૯૮૫ સુધી ઓફિસની સેવા કરી. ૧૯૭૭ ઉભરાટની શિબિર વખતે ઓફિસ તથા ટ્રાન્સપોર્ટની સેવા કરી. સાથે સાથે હાર, કાર્ડ, રસોડું, બા કમિટીની સેવા, નડિયાદ સેન્ટર તથા ૧૯૯૨ થી ૧૯૯૮ સુધી બોરીવલી

સેન્ટર પર એક જવાબદાર બહેન તરીકે સેવા કરી. તે એકદમ સ્પષ્ટવકતા અને સ્વધર્મનિષ્ઠ. તેમાં તે કોઈની મહોબત સારપ ના રાખે. ૧૯૯૧ થી તારાબેનની મેડીકલ સેવા પણ કરી.

૨૦૦૦ ની સાલમાં મીનાબેનને કેન્સર થયું ને એમણે પ્રભુ પ્રસાદ માન્યો. આ બીમારી પછી એક દિવસ ગ્રુપના બહેનો સદ્ગુરૂ સાંનિધ્યે પૂજા કરતાં હતાં ને તારાબેનના હ્રદયના ઉદ્ગાર સરી પડ્યા કે, 'મારું અને મીનાનું હ્રદય એક જ છે.'

૨૦મી ડિસેમ્બર, ૨૦૦૧ના તારાબેનને જમણા અંગમાં પેરાલીસીસ થયો. ત્યારથી ૧૭ ફેબ્રુઆરી, ૨૦૦૪ સુધી મીનાબેન સ્વને ભૂલી તારાબેનની સેવામાં એક જવાબદાર મોટેરાં તરીકે, તારાબેનના અંગત સેવક તરીકે, સહુ સ્વરૂપોના અને પપ્પાજીના વિશ્વાસુ સેવક તરીકે રહ્યાં. ૨૦૦૪માં તારાબેનની સમાધિ સ્થાનની અનોખી રચના કરી. ૧૯મી સપ્ટેમ્બર, ઋષિ પંચમીના દિવસે તારાબેનના અમૃત પર્વ પ્રારંભે મંત્રપોથીની યાત્રા કરી મહાપૂજા કરી મંત્રપોથી પધરાવી દીદીએ પુણ્ય તીર્થ નામ આપ્યું. ૨૦૦૭માં ફરી મીનાબેનને કેન્સર થયું. એ પણ સહર્ષ સ્વીકારી પ્રભુ સેવા ચાલુ જ રાખી. ૨૦૧૦માં શાશ્વત ધામની સેવા કરી જે ૨૦૧૨ની ૧લી જૂને ભક્તો માટે ખુલ્લું મૂકાયું. મીનાબેન અત્યારે શાશ્વત ધામ, પપ્પા કમિટી અને પર્યટન વિભાગની સેવા બજાવી રહ્યાં છે.

આમ મીનાબેને સેવા ને જપયજ્ઞને પોતાનું જીવન બનાવી સ્વરૂપોની ખૂબ ખૂબ હાશ લીધી છે.

એવા મીનાબેનને અંતરના ભાવે પ્રણામ !!!



## ૭૪. પૂ. સાધનાબેન અમીન

| | | |
|---|---|---|
| માતાનું નામ | : | પૂ. લલિતાબેન |
| પિતાનું નામ | : | પૂ. કાંતિભાઈ |
| ભાઈ | : | પૂ. વાસુદેવભાઈ, પૂ. મુકુંદભાઈ, પૂ. ઘનશ્યામભાઈ |
| બહેન | : | પૂ. ધર્મિષ્ઠાબેન, પૂ. ભાવનાબેન |
| મૂળ ધર્મ | : | સ્વામિનારાયણ |
| જ્ઞાતિ | : | હિન્દુ લેઉવા પટેલ |
| અભ્યાસ | : | ધોરણ ૮ |
| ભગવાનની અનુભૂતિ | : | ૨૩-૦૬-૧૯૭૧ |
| વ્રતધારણ દિન | : | ૨૫-૦૬-૧૯૭૦ |
| કેન્દ્ર નંબર | : | ૬૭ |

**સાધનાનું બ્રહ્મસૂત્ર : પ્રસંગ બને ત્યારે માહાત્મ્યેયુક્ત સેવા ને ભજન બે રાખવું.**

પૂ.સાધનાબેનનો જન્મ શાસ્ત્રીજીમહારાજની રાધા એવા પ.પૂ. સોનાબાના કુટુંબમાં થયો. તેઓનું બાળપણ તારદેવમાં ભગવાન ભજતી બહેનો સાથે વિત્યું.

મુંબઈમાં ૭ ધોરણ સુધી ભણ્યાં. ૧૯૬૮ની સાલમાં વિદ્યાનગર ગુણાતીત

જ્યોતમાં ભણવા માટે આવ્યાં. ધોરણ ૯મા ફેઈલ થયા ને ભણવાનું છોડી દીધું ને પૂ. દેવીબેનની સેવામાં આવી ગયાં. આમ તો તેમને મુંબઈ - તારદેવ હતાં ત્યારથી જ દેવીબેન ખૂબ ગમતાં હતાં. એક વખત દેવીબેનના બધાં જ બહેનો મંદિરમાં ભેગાં થયાં હતાં. ત્યારે પપ્પાજી પધાર્યા અને બધાં જ બહેનોના નામ લખ્યા અને દરેક બહેનને પૂછ્યું કે 'હંસાબેન ગુણાતીત પાસે સાધના કરવા જશો ?' બધાએ ના પાડી. દેવીબેન કહે, 'સાધના, તું હા પાડી દેજે ને એમણે હા પાડી.' ત્યારથી તેઓ પૂ. હંસાબેન પાસે સાધના કરી રહ્યાં છે.

૧૯૭૦માં કાષાંબરી દીક્ષા મળી ૧૯૭૧માં ગુરૂહરિ પપ્પાજીએ જીવમાં દ્રષ્ટારૂપે સ્થાન લીધું. ૧૯૮૨ની સાલમાં સાધનાબેનના પગમાં મોટી મોટી કણી થઈ હતી. તેઓ મંદિરની ટુકડીમાં સેવા કરતાં હતાં. ઝાડું પોતું કરતાં ખૂબ રડે. ચોક વાળતાં જાય ને રડતાં જાય. ત્યાં પપ્પાજી પધાર્યા અને પૂછ્યું, 'કેમ રડે છે?' તેમણે વાત કરી તો પપ્પાજી કહે, 'સંબંધવાળાનો અભાવ લઈશ નહીં. તેમાંય હંસાબેનનો તો ખાસ અભાવ લઈશ નહીં. નહીંતર તારો પગ ક્યારેય મટશે નહીં.' સાધનાબેને આ વાત અંતરથી સ્વીકારી ને કાયમ માટે તેમનો પગ મટી ગયો.

૧૯૯૧માં પપ્પાજીના અમૃતપર્વે પપ્પાજીએ હંસાબેનના સેવક તરીકે બોરીવલી જ્યોતમાં ત્રણ મહિના સેવા માટે મોકલ્યાં. ત્યારે સંબંધવાળાનો મહિમા સમજી સેવા કરી તો વિમળાબેન મોદી, હંસાબેન ગુણાતીત, પપ્પાજી તથા બધા જ મુક્તો રાજી થઈ ગયાં. એવી જ રીતે પપ્પાજીએ ત્રણ મહિના એમને અમદાવાદ હંસાબેન ગુણાતીતના સેવક તરીકે મોકલ્યાં ત્યારે પણ ઈંદુબેન અને હંસાબેનની હાશ લઈ લીધી. પપ્પાજીએ જ એમને બ્રહ્મસૂત્ર આપ્યું કે, 'પ્રસંગ બને ત્યારે માહાત્મ્યેયુક્ત સેવા ને ભજન બે રાખજે.' અહીં જ્યોતમાં તેમણે રોટલી ચોપડાના હેડ તરીકે સરસ સેવા કરી છે. તેમની રોટલી વણવામાં એટલી સ્પીડ કે કોઈ તેમને પહોંચી ન શકે. કોઠાર ને મંદિરની ટુકડીમાં પણ મુક્તોની હાશ લીધી છે. જે સેવા કરે તે ખૂબ જ વફાદારીથી કરે. તે ક્યારેય કોઈ ચીજ, વસ્તુ, પદાર્થમાં અટવાયા નથી કે તેની અપેક્ષા રાખી નથી. ખૂબ નિર્માની અને લાગણીશીલ પણ એટલા. તેમના જીવનમાં ખૂબ જ સાધુતા છે. આથી તેમને 'સાધુ' કહીને પણ મુક્તો બોલાવે.

અત્યારે તેમની તબિયત સારી નથી રહેતી તો પણ બધામાં દિવ્યભાવ, નિર્દોષબુધ્ધિ, રાંકપણુ ને કોઈનું જોયા વગર સૌ સાથે સંપ, સુહ્રદભાવ, એકતાથી જીવી રહ્યાં છે.

એવા સાધનાબેનને અમ સહુ સાધકોના ભાવે વંદન !!!